ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ મનપાની લાલ આંખ | પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરતી જાણીતી બ્રાન્ડ્સ પર ત્રાટક્યું તંત્ર

આણંદમાં નિયમો ઘોળી પી જનારા બેકરી સહિત ચારને ૫૦ હજારનો દંડ

સુખડિયા સ્વીટ, કભી બી, ડાંગી ડમ્સ અને સિલ્વર ડ્રેગન ચાઈનીઝમાં ગંભીર બેદરકારી પકડાઈ

(પ્રતિનિધિ) આણંદ, તા.૩

કરમસદ - આણંદ મનપાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં સ્વચ્છતા, જાહેર આરોગ્ય અને ખાદ્ય સુરક્ષાના ધોરણો જાળવી રાખવાના હેતુથી વિવિધ ખાણી-પીણીના એકમો પર આકસ્મિક રીતે સપાટો બોલાવવામાં આવ્યો છે. મનપાની આ તપાસ ઝુંબેશ દરમિયાન શહેરના જાણીતા અને પ્રતિષ્ઠિત ખાદ્ય એકમોમાં

ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે સીધા ચેડાં થતા હોવાની અત્યંત ગંભીર બેદરકારીઓ સામે આવતા તંત્ર દ્વારા લાલ આંખ કરીને આકરા પગલાં ભરવામાં આવ્યા છે.

કરમસદ - આણંદ મનપાના આરોગ્ય વિભાગે વિવિધ વિસ્તારોમાં કરેલી ઝીણવટભરી તપાસમાં નિયમોનો સરેઆમ ભંગ થતો જોવા મળ્યો હતો, જેના પગલે પ્રતિષ્ઠિત ગણાતી ચાર મોટી દુકાનો અને બેકરીઓ પાસેથી કુલ રૂ. ૫૦ હજારનો મસમોટો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

આરોગ્ય વિભાગની તપાસ દરમિયાન સૌથી આઘાતજનક બાબત એ સામે આવી હતી કે લોકપ્રિય બેકરીઓમાં વેચાણ માટે રાખવામાં આવેલી કેક પર કોઈ પણ પ્રકારની મેન્યુફેક્ચરિંગ (ઉત્પાદન) તારીખ દર્શાવવામાં આવી ન હતી. એક્સપાયરી કે ઉત્પાદનની તારીખ વગરના આવા ખાદ્ય પદાર્થો ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી અને ઘાતક સાબિત થઈ શકે છે. આ ઉપરાંત, ગ્રાહકોને ખાદ્ય સામગ્રી બનાવીને પીરસતા કર્મચારીઓ પાસે 'હેલ્થ સર્ટિફિકેટ' પણ ઉપલબ્ધ નહોતા. એટલું જ નહીં, તપાસ દરમિયાન સ્થળ પર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળતા કડક કાર્યવાહી હાથ ધરી હતી.

કઈ જાણીતી બ્રાન્ડને કેટલો દંડ ફટકારાયો?

સુખડિયા સ્વીટ એન્ડ ફરસાણ : સૌથી વધુ રૂ. ૨૫,૦૦૦ નો દંડ
સિલ્વર ડ્રેગન ચાઈનીઝ: નિયમભંગ બદલ રૂ. ૧૦,૦૦૦ નો દંડ
કભી બી : ગંભીર બેદરકારી બદલ રૂ. ૧૦,૦૦૦ નો દંડ
ડાંગી ડમ્સ : નિયમોના ઉલ્લંઘન બદલ રૂ. ૫,૦૦૦ નો દંડ

તપાસ દરમિયાન કઈ ગંભીર ખામીઓ પકડાઈ?

એક્સપાયરી/ઉત્પાદન તારીખ ગાયબ: વેચાણ માટે રાખેલી કેક પર મેન્યુફેક્ચરિંગ તારીખ જ નહોતી.
હેલ્થ સર્ટિફિકેટનો અભાવ: ખાદ્ય પદાર્થો બનાવતા અને પીરસતા કર્મચારીઓ પાસે તબીબી પ્રમાણપત્ર નહોતા.
ભયંકર અસ્વચ્છતા: ખાણી-પીણી બનાવવાની જગ્યાએ ગંભીર ગંદકી અને સ્વચ્છતાના નિયમોનો ભંગ જોવા મળ્યો હતો.

ચરોતરમાં ભક્તિભાવપૂર્વક ઉજવાયો શીતળા સાતમનો પર્વ

નડિયાદ સહિત સમગ્ર ખેડા જિલ્લામાં શ્રાવણ વદ સાતમના પવિત્ર દિવસે પરંપરાગત શીતળા સાતમના પર્વની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પર્વ નિમિત્તે શ્રદ્ધાળુ બહેનોએ શીતળા માતાની માટીમાંથી બનાવેલી ઇકો-ફ્રેન્ડલી મૂર્તિ પર શીતળ દૂધ અને પાણી ચઢાવીને પૂજા કરી હતી. બહેનોએ રાંધણ છઠના દિવસે અગાઉથી બનાવેલી વિવિધ ઠંડી વાનગીઓ આરોગીને પરંપરા અનુસાર શીતળા સાતમ ઉજવી હતી. પૂજા દરમિયાન મહિલાઓએ પરિવાર અને સૌના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે શીતળા માતાને શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરી હતી. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

આણંદના પાન પાર્લરમાંથી 'ગોગોરોલ'નો જથ્થો ઝડપાયો

ચરસ-ગાંજાના નશા માટે વપરાતા પેપર કોન વેચતા ફેરિયા સામે પણ તપાસ શરૂ

(પ્રતિનિધિ) આણંદ, તા.૩

'નશામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત આણંદ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપએ લાલ આંખ કરી છે. શહેરમાં ચરસ અને ગાંજા જેવા માદક પદાર્થોના સેવન માટે ઉપયોગમાં લેવાતા પ્રતિબંધિત રોલિંગ પેપર અને સ્મોકિંગ કોનના ગેરકાયદે વેચાણ સામે પોલીસે સપાટો બોલાવ્યો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી પ્રતિબંધિત ગોગો રોલના જથ્થા સાથે એક વેપારીને ઝડપી પાડ્યો છે.

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, ૧૦૦ ફૂટ રોડ પર નાની ખોડીયાર મંદિર ચાર રસ્તા પાસે આવેલી 'ખોડીયાર પાન કોર્નર' નામની દુકાનમાં પ્રતિબંધિત ગોગો સ્મોકિંગ પેપર કોનનું વેચાણ થાય છે. પોલીસે પંચો સાથે રેડ પાડીને સંચાલક હસમુખ ઉર્ફે તુષાર ખોડાભાઈ ઠાકોરને પકડી લીધો હતો.

એસઓજીએ દુકાનની ઝડતી લેતાં કોઈપણ બિલ કે આધાર-પુરાવા વિનાનો રૂ. ૨,૨૫૫ ની કિંમતનો કુલ ૧૯૧ નંગ પ્રતિબંધિત સામાન જપ્ત કરાયો હતો. જેમાં રૂ. ૧,૦૯૫ ની કિંમતના ૬૯ નંગ સ્મોકિંગ પેપર કોન અને રૂ. ૧,૨૨૦ ની કિંમતના ૧૨૨ નંગ સ્મોકિંગ પેપર સ્ટ્રીપ મળી આવ્યા હતા. પોલીસની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે આ પ્રતિબંધિત માલ વિનોદભાઈ નામના ફેરિયા પાસેથી મેળવાયો હતો. આ મામલે ગુનો નોંધી ફેરિયા વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેટલાદ ચેમ્બરમાં વિવાદના પગલે બંને જૂથોના સભ્યપદ સ્થગિત કરાયાં

જૂના અને નવા જૂથ વચ્ચેના સત્તાસંગ્રામનો મામલો રાજ્ય કક્ષાએ પહોંચ્યો

(પ્રતિનિધિ) પેટલાદ, તા.૩

આણંદ જિલ્લાનું પેટલાદ એક સમયનું માન્ચેસ્ટર ગણાતું હતું. સમૃદ્ધ ગણાતા પેટલાદમાં લગભગ 40 વર્ષ અગાઉ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના થઈ હતી. પરંતુ સમય જતાં સંસ્થામાં રાજકારણનો પગપેસારો થતાં વહીવટ ખાડે ગયો હતો. જેથી સંસ્થાની બાગડોર નગરના યુવાનોએ હાથમાં લીધી હતી. જેના પગલે જુના અને નવા હોદ્દેદારો વચ્ચે શીતયુદ્ધ છેડાઈ ગયું હતું. જે મુદ્દો છેક ગુજરાત ચેમ્બર સુધી પહોંચી ગયો હતો. જ્યાં આ સંસ્થાના બંન્ને જુથના હોદ્દેદારોના સભ્યપદ સ્થગિત કરી દેવાતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના આશરે 40 વર્ષ અગાઉ થઈ હતી. જેમાં ઉદ્યોગપતિ, શાસ્ત્રી ગંજના મહાજનો, શહેરના વેપારી સહિત લગભગ 400 થી વધુ સભ્યો નોંધાયા હતા. શરૂઆતમાં બાગડોર ઉદ્યોગપતિ ભાનુભાઈ પટેલ પાસે હતી. જેઓના કાર્યકાળ દરમ્યાન વેપારીની કોઈપણ મુશ્કેલીઓ, પ્રશ્નો કે સમસ્યાઓનો તાકીદે નિકાલ થતો હતો. પરંતુ જ્યારથી આ સંસ્થામાં રાજકારણનો પગપેસારો થયો છે, ત્યારથી વહીવટની ડામાડોળ સ્થિતી સર્જાઈ હતી.

આમ, છેલ્લા વીસેક વર્ષથી એકહથ્થુ શાસનની સ્થિતી સર્જાતા કેટલાક નવયુવાનોએ સંસ્થાની બેઠક કરી નવા હોદ્દેદારોની નિમણૂંક કરી હતી. જેની કમાન ડો.જીગર જાનીને સોંપવામાં આવી હતી. જેથી જુના હોદ્દેદારો જુથના સભ્યો હરકતમાં આવી ગયા હતા. જેથી પેટલાદ ચેમ્બરની બે કમિટીઓ કાર્યરત થઈ હતી. જેને કારણે વેપારીઓ મુંઝવણમાં મુકાયા હતા. અહીંયાથી નિરંજન શાહ (જુનું જુથ) અને જીગર જાની (નવું જુથ) વચ્ચે સત્તાની ખેંચતાણ શરૂ થઈ હતી. બંન્ને જુથો દ્વારા સામસામે આક્ષેપો, ગેરવહીવટ, લેટરપેડ કાંડ, સસ્પેન્શન જેવા અનેક મુદ્દાઓ સામે આવ્યા હતા. તેમાંય નવા જીગર જાની જુથ દ્વારા પંદરેક વર્ષના હિસાબો જુના જુથના નિરંજન શાહ પાસે માંગતા બળતામાં ઘી હોમાયાની સ્થિતી સર્જાઈ હતી.

જેથી બંન્ને જુથો દ્વારા પોતે સાચા અને સક્રિય હોવાની દાવેદારી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ સમક્ષ કરી હતી. જેના અનુસંધાનમાં ગુજરાત ચેમ્બરના એડીશ્નલ જનરલ સેક્રેટરી ગીતા જોષીએ તા.24 ઓગસ્ટ 2026ના રોજ પત્ર દ્વારા બંન્ને જુથોના સભ્યપદ સ્થગિત કર્યા હોવાનું જાણવા મળે છે. જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે પેટલાદ ચેમ્બરના સભ્યપદ માટે બે અલગ અલગ રજુઆતો નામ અને પુરાવા સાથે આવેલ છે. જે યાદી સ્ક્રુટીની સમિતીમાં રજુ કરી હતી. પરંતુ બંન્ને અરજીઓ સંદર્ભે યોગ્ય તપાસ થવી જરૂરી છે. જેથી પેટલાદ ચેમ્બર ઓફ કોમર્સના બંન્ને જુથોના સભ્યપદ હાલ પુરતું સ્થગિત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે, જે મુદ્દો હાલ ટોક ઓફ ધ ટાઉન છે.

આણંદમાં જમીન હડપવાનું ૧૫ વર્ષ જૂનું કૌભાંડ ખુલ્યું

જીવતી મહિલાને મૃત દર્શાવી બોગસ પેઢીનામું બનાવનાર ૬ સામે ગુનો

(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદના ગામડી ગામની સીમમાં આવેલી કરોડોની કિંમતી જમીન પચાવી પાડી ઝડપી વેચાણ કરવાના ઈરાદે વર્ષ ૨૦૧૧માં રચાયેલું જમીન કૌભાંડ ૧૫ વર્ષ બાદ પોલીસ દફતરે પહોંચ્યું છે. જીવતી મહિલાને 'નિર્વંશ અને મૈયત' દર્શાવી ખોટું પેઢીનામું રજૂ કરવાના મામલે આણંદ ટાઉન પોલીસે ૬ આરોપીઓ સામે ગુનાહિત કાવતરું રચવા અંગે ગુનો નોંધ્યો છે.

પોલીસ તપાસ અનુસાર, ગામડી સીમના સર્વે નંબર ૨૪૨ પૈકી ૧૩.૫૦ ગુંઠા જમીન વેચાણ બાબતે હારૂનશા જુમ્માશા દિવાન (નડિયાદ) ની અરજી પર એસપી કચેરીએ તપાસ હાથ ધરી હતી. જેમાં ખુલાસો થયો કે ચંદ્રસિંહ પરમારના સોગંદનામામાં આકાશ અને ધીરુ નામના બે પુત્રો તારાબેનના હોવાનો ઉલ્લેખ હતો, જ્યારે વારસાઈ પેઢીનામામાં તારાબેનને સંતાન વગર મૃત દર્શાવાયા હતા.

બાદમાં ૧૬મી જુલાઈ ૨૦૧૧ના રોજ જમીન ખરીદનાર હારૂનશા દિવાનના કહેવાથી ઝવેરબેન ગોહેલ અને મહેન્દ્ર ઉર્ફે છોટુ ગોહેલે તલાટી સમક્ષ તારાબેનના સંતાનોની વિગતો છુપાવી ખોટું પેઢીનામું રજૂ કર્યું હતું. જેમાં સાક્ષી તરીકે ગલાભાઈ ગોહેલ (હાલ મરણજનાર), બુધાભાઈ ગોહેલ અને જીતેન્દ્રભાઈ વાઘેલાએ સહીઓ કરી ખોટા દસ્તાવેજને સાચા તરીકે ખપાવ્યો હતો. કૌભાંડ સાબિત થતાં પોલીસે ૬ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

લોકો દોડી આવતા હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપી

મહેમદાવાદમાં સાળા અને બનેવી પર મારક હથિયાર વડે હુમલો

જૂની અદાવતમાં કાર આડી નાખી બાઇક પાડી દીધા બાદ ઘાતક હુમલો કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

મહેમદાવાદ શહેરના શીખવાડા વિસ્તારમાં બપોરે નજીવી બાબતે બોલાચાલી કરીને એક યુવક અને તેના બનેવી પર સ્વિફ્ટ કારમાંથી આવેલા ત્રણ શખસોએ લોખંડની પાઈપ અને તલવાર વડે જીવલેણ હુમલો કર્યો હોવાની ચકચારી ઘટના સામે આવી છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા સાળા-બનેવીને છોડાવવા લોકો દોડી આવતા હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા, જે અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધ્યો હતો.

મહેમદાવાદના શીખવાડામાં રહેતા ગોવિંદસિંગ કિરપાલસિંગ (ભેટી)ના ઘરે તેમના બહેનને તેડવા માટે બનેવી મલ્લસીંગ માનસિંગ શીખ આવ્યા હતા. આ દરમિયાન અગાઉની નજીવી બાબતની અદાવત રાખીને લખનસિંગ બાવરીએ તેમની સાથે બોલાચાલી કરી હતી. ઝઘડો ટાળવા માટે ગોવિંદસિંગ અને તેમના બનેવી મોટરસાયકલ લઈને સિદ્ધિવિનાયક મંદિર તરફ જવા નીકળ્યા હતા.

પરંતુ, તેમની પાછળ સ્વિફ્ટ કાર લઈને આવેલા લખનસિંગ, નિકુલ વાસફોડિયા અને જસી શીખે મોટરસાયકલ આગળ અચાનક કાર આડી નાખતા ગોવિંદસિંગે બ્રેક મારવી પડી હતી, જેનાથી મોટરસાયકલ સ્લીપ થઈ ગઈ હતી અને સાળા-બનેવી નીચે પડી જતાં બંનેને ઈજા થઈ હતી. આ દરમિયાન હુમલાખોરો સ્વિફ્ટ કારમાંથી લોખંડની પાઈપ અને તલવાર લઈને ધસી આવ્યા હતા અને જીવલેણ હુમલો કર્યો હતો.

આ હુમલામાં ગોવિંદસિંગને જમણા પગ પર તથા ડાબા હાથે કોણીની નીચે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બૂમાબૂમ થતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા, જેથી ત્રણેય હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપીને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. મહેમદાવાદ પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

લુણાવાડામાં તસ્કરો પેટી સહિત ૧.૨૯ લાખની મતા ચોરી ગયાં

પરિવાર ઊંઘતો હતો તે દરમિયાન રોકડા અને દાગીના ભરેલી પતરાની પેટી ગાયબ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૩

લુણાવાડા તાલુકાના કસલાલ ગામના નાથગરના મુવાડા ફળિયામાં તસ્કરોએ ઘરફોડ ચોરીની ઘટનાને અંજામ આપતાં ભારે ચકચાર મચી ગઈ છે. આ અંગે કોઠંબા પોલીસે ગુનો નોંધી તસ્કરોનું પગેરૂ દબાવ્યું છે.

કસલાલ ગામમાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ ખેડૂત ભુરાભાઈ અમરાભાઈ પગી અને તેમનો પરિવાર ગત ૩૦મી ઓગસ્ટ ૨૦૨૬ની રાત્રે ઘરના દરવાજા બંધ કરી સૂતો હતો, ત્યારે તસ્કરો ઘરમાં પ્રવેશી સોના-ચાંદીના ઘરેણાં તથા રોકડ ભરેલી લોખંડની પતરાની પેટી ઉઠાવીને રફુચક્કર થઈ ગયા હતા.

બીજા દિવસે વહેલી સવારે સાતેક વાગ્યે પુત્રવધૂ બાળકોને બિસ્કીટ અપાવવા માટે પેટીમાંથી પૈસા લેવા જતાં પેટી ગાયબ હોવાનું બહાર આવ્યું હતું. આજુબાજુ શોધખોળ કરવા છતાં પેટીનો કોઈ પત્તો મળ્યો નહોતો. આ ચોરાયેલી પેટીમાં રૂ. ૭૫ હજાર રોકડા ઉપરાંત ૧૫ ગ્રામ સોનાના ઢોળવાળી ઓહડી, પુત્રવધૂનો ૧૦૦ ગ્રામનો ચાંદીનો છડો, પૌત્રીના પગના ૨૫ ગ્રામ ચાંદીના છડા અને આશરે ૩૦ વર્ષ જૂનું ૫૦૦ ગ્રામ ચાંદીનું બિસ્કીટ મૂકેલા હતા.

આમ, તસ્કરો કુલ રૂ. ૫૪,૦૦૦ ના દાગીના અને રોકડ મળીને રૂ. ૧,૨૯,૦૦૦/- ની મતા ચોરી ગયા છે. આ અંગે કોઠંબા પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

યુરોપથી પરત ફરેલી પરિણીતા પર સાસરીયાનો અમાનુષી ત્રાસ

વિદેશ જવા, ફ્લેટ ખરીદવા અને પાર્લરના ધંધા માટે પિતા પાસેથી લાખો રૂપિયા પડાવ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.૩

લગ્નજીવન બચાવવા માટે પિતાએ મકાન, સોના-ચાંદીના દાગીના તેમજ ધંધા અને વિદેશ જવા માટે લાખો રૂપિયા આપ્યા હોવા છતાં લોભી સાસરીયાઓએ પરિણીતા પર ત્રાસ ગુજારવાનું બંધ કર્યું ન હતું. આખરે કંટાળીને, હાલ પોર્ટુગલ (યુરોપ) ખાતે નોકરી કરતી અને મૂળ મહેસાણાની વતની ૩૭ વર્ષીય પરિણીતાએ આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ, ચાર નણંદો અને બે નણંદોઈ સામે દહેજ અને ત્રાસની ગંભીર ફરિયાદ નોંધાવી છે.

મહેસાણાના સેજલબેનના વર્ષ ૨૦૦૯માં આણંદના જીતેન્દ્રકુમાર નટુભાઈ દરજી સાથે પ્રેમલગ્ન થયા હતા. લગ્નના માત્ર ત્રણ મહિના બાદ જ સાસુ ઈન્દિરાબેન, નણંદો અને નણંદોઈઓએ કરિયાવર ઓછો લાવ્યાનું કહી મહેણાં-ટોણાં મારવાનું શરૂ કર્યું હતું. પરિણીતાના પિતાએ દીકરીનો સંસાર ન તૂટે તે માટે સાડા સત્તર તોલા સોનું, બે કિલો ચાંદી અને ઘરવખરી આપી હતી. તે પછી પતિને વિદેશ મોકલવા માટે પિતા પાસેથી રૂ. ૧૮.૫૦ લાખ પડાવવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૧૪માં પતિ લંડનથી પરત ફર્યા બાદ પિતાએ આણંદમાં ધ્યેય કોમ્પ્લેક્સમાં ફ્લેટ લઈ આપ્યો હતો અને અમૂલ પાર્લરનો બિઝનેસ શરૂ કરવા બીજા રૂ. ૯ લાખ આપ્યા હતા. આમ છતાં પતિ દ્વારા ચારિત્ર્ય પર ખોટો વહેમ રાખી મારઝૂડ કરવામાં આવતી હતી. બાદમાં ફરી યુરોપ જવા માટે પણ પિતા પાસેથી રૂ. ૧૬.૫૦ લાખ લેવડાવ્યા હતા. યુરોપમાં પણ ત્રાસ ચાલુ રાખી પતિ પત્નીને કોઈ પણ જાણ કર્યા વગર ભારત આવી ગયો હતો અને પરિણીતાનું સ્ત્રીધન પણ પરત આપવાનો ઈનકાર કરી દીધો હતો.

આખરે કંટાળીને સેજલબેને આણંદ મહિલા પોલીસ મથકે પતિ જીતેન્દ્રકુમાર દરજી (હાલ પોર્ટુગલ), સાસુ ઈન્દિરાબેન, નણંદ જ્યોતિબેન, શ્વેતાબેન, જાગૃતિબેન, પીનલબેન તથા નણંદોઈ સમીર ઉર્ફે વિજય અને પંકજભાઈ સામે દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ગુનો નોંધાવ્યો છે.

ખેડા કલેક્ટરે બાળકો સાથે બેસી મધ્યાહન ભોજનની ગુણવત્તા પારખી

કલેક્ટરે ઠાસરાના મલાઈ ગામની પ્રાથમિક શાળાના પીએમ-પોષણ કેન્દ્રની આકસ્મિક મુલાકાત લીધી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩

ખેડા કલેક્ટરે સરકારી મર્યાદાઓથી પર જઈ એક સંવેદનશીલ અને પ્રશંસનીય ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઠાસરા તાલુકાના મલાઈ ગામની પ્રાથમિક શાળામાં પીએમ-પોષણ યોજના હેઠળ અપાતા ભોજનની ચકાસણી કરવા માટે કલેક્ટર એન.વી. ઉપાધ્યાયે માત્ર સરકારી દસ્તાવેજો તપાસવાના બદલે બાળકો સાથે આત્મીયતાથી બેસીને ભોજન લીધું હતું અને તેમની પસંદગી અંગે સહજ સંવાદ સાધ્યો હતો.

ખેડા જિલ્લામાં બાળકોને પૌષ્ટિક અને ગુણવત્તાસભર ભોજન મળી રહે તે માટે સરકાર દ્વારા અમલી બનાવાયેલી પીએમ-પોષણ યોજનાની જમીની હકીકત જાણવા કલેક્ટર એન.વી. ઉપાધ્યાયે મલાઈ પ્રાથમિક શાળાના કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ મુલાકાત માત્ર નિરીક્ષણ પૂરતી મર્યાદિત ન રહેતા એક સુંદર સંવાદમાં ફેરવાઈ ગઈ હતી, જ્યારે કલેક્ટર પોતે બાળકોની સાથે ભોજન લેવા બેસી ગયા હતા.

ભોજન દરમિયાન કલેક્ટરે સહજ ભાવે બાળકોને પૂછ્યું હતું કે, તમને અહીંનું ભોજન ભાવે છે શું? કયા દિવસે કઈ વાનગી મળે છે અને શું પેટ ભરીને પૂરતું ભોજન મળે છે કે કેમ? બાળકોએ પણ કોઈપણ પ્રકારના સંકોચ વિના કલેક્ટર સમક્ષ

પોતાના અનુકૂળ અને નિખાલસ પ્રતિભાવો રજૂ કર્યા હતા.

આ પ્રસંગે કલેક્ટરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, શાળાના ભોજનની ગુણવત્તા જાણવા માટે બાળકોનો પ્રતિભાવ સૌથી મહત્વનો છે. આ સાથે જ તેમણે સ્થાનિક ગ્રામજનોને પણ અનુરોધ કર્યો હતો કે તેઓ સમયાંતરે શાળાના પીએમ-પોષણ અને મધ્યાહન ભોજન કેન્દ્રની મુલાકાત લઈ વ્યવસ્થા અને ભોજનની ગુણવત્તાની જાણકારી મેળવતા રહે. આ વિશિષ્ટ મુલાકાત દરમિયાન કપડવંજ પ્રાંત અધિકારી એ.પી. ઝાલા, ઈનચાર્જ ડીએસઓ સંગ્રામભાઈ અને શાળાના શિક્ષકો પણ હાજર રહ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225